**DATE: 24/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## વીડિયો ઉતારીને બ્લેકમેઇલ કરતો હતો

# ભરૂચમાં વિધવાને હેરાન કરનારા યુવાને માફી માગી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં રહેતી વિધવા મહિલા સાથે મિત્રતા કેળવ્યાં બાદ તેની સાથે અંગત પળોનો વિડિયો ઉતારી બ્લેકમેઈલ કરનારા પરીક્ષિત યુવાન સામે 181 અભયમની ટીમે કાર્યવાહી કરી છે. 181ની ટીમે યુવાનના મોબાઈલમાંથી વિધવા મહિલાના ફોટો અને વિડિયો ડીલીટ કરાવ્યાં હતાં.

વિધવા સાથે મિત્રતા કેળવી લગ્નની લાલચ આપી અવાર નવાર શારિરીક સબંધ રાખતા યુવાન વિરૂધ્ધ 181 અભયમની ટીમને ફરિયાદ મળી હતી. યુવાન પરક્ષિત નીકળતા વિધવા ને પસ્તાવો થયેલ અને હવે પછી કોઈ સબંધ નહી રાખવાં જણાવતાં પરક્ષિત ઉશ્કેરાઈ ગયો હતો અને તેમના શારિરીક સબંધના વિડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી શારિરીક સબંધ ચાલું રાખવા વિધવાને બ્લેક મેલ કરતા જેથી મૂશ્કેલીમાં મુકાયેલ વિધવાએ 181 મહીલા હેલ્પ લાઈનની મદદ માંગી હતી.યુવાનની આ હરકત બદલ તેની સામે પોલીસ કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરવામાં આવતાં તે કરગરી પડયો હતો અને મોબાઈલમાં રહેલાં વિધવા મહિલાના વાંધાજનક ફોટા અને વિડીયો ડીલીટ કરી નાંખ્યાં હતાં.

**DATE: 24/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### શહેરમાં ભારે વાહનોના પ્રવેશ પર પાબંધી ફરમાવી દેવામાં આવી છે

# અંકલેશ્વરમાં જાહેરનામાનો ભંગ કરનારા ત્રણ ટેમ્પો જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં ઓએનજીસી ફલાયઓવરને બંધ કરવામાં આવ્યાં બાદ ઉભી થયેલી ટ્રાફિક સમસ્યાએ પોલીસ અને તંત્રને દોડતું કરી નાંખ્યું છે. ભરૂચ અને અંકલેશ્વર તરફથી આવતાં અને જતાં હજારો વાહનચાલકોનો સમય અને ઈંધણ બંનેનો વ્યય થઇ રહયો છે ત્યારે પોલીસ ભારદારી વાહનો સામે કડક હાથે કાર્યવાહી કરી રહી છે. શહેરમાં પ્રતિબંધ હોવા છતાં પ્રવેશી ગયેલાં 3 ટેમ્પોને જપ્ત કરવામાં આવ્યાં છે.

અંકલેશ્વર શહેરને જોડતા ઓ.એન.જી.સી ઓવર બ્રિજ સમારકામને લઈ તોડી પાડવામાં આવ્યો છે. ફલાયઓવર પરથી તથા ફલાયઓવરની નીચેથી પસાર થતાં વાહનોને ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. અંકલેશ્વર શહેરમાંથી સ્ટેટ હાઈવે પણ પસાર થતો હોય છે અને તેના પરથી રોજના હજારો વાહનોની અવરજવર રહે છે. ફલાયઓવર બંધ કરાતાની સાથે શહેરમાં ટ્રાફિક સમસ્યા વિકટ બની છે. ડાયવર્ઝનના કારણે શહેરમાં વાહનોની સંખ્યામાં વધારો થતાં શહેરીજનો પણ ટ્રાફિકમાં અટવાઇ રહયાં છે. ટ્રાફિકને વધુ વકરતો રોકવા માટે શહેરમાં માત્ર શાકભાજી તથા જીવન જરૂરિયાત ચીજવસ્તુ ઓ લાવતા મોટા વાહનોને રાત્રી ના 11 થી સવારે 4 સુધી પ્રવેશ આપવાનું નકકી કરાયું છે ત્યારે શહેરમાં ગત રોજ બે આઈસર ટેમ્પા તેમજ અન્ય ડીજે સાઉન્ડ સિસ્ટમ સાથેનો ટેમ્પો આવી જતાં તેમની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધવામાં આવ્યો છે.

**DATE: 24/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### મક્તમપુર પાસે માટલા વેચતા વેપારી પર ફાયરિંગના કેસમાં ચાર આરોપી ઝડપાયા

# સારવારનો ખર્ચ પરત ન આપતાં પુત્રએ જ પિતાની હત્યા માટે સોપારી આપી હતી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના મક્તમપુર ખાતે નર્સરી-માટલા વેચતાં વેપારી પર મખદુમશા બાવાની દરગાહની પાછળ ઝાડીઓમાં ફાયરિંગ કરવાના બનાવમાં ચોંકાવનારો ધટસ્ફોટ થયો છે. પુત્રએ જ પિતાની હત્યા કરવા માટે બિહારથી શૂટર્સ બોલાવી પિતા પર ફાયરિંગ કરાવ્યું હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

ભરૂચના મક્તમપુર રોડ પર આવિષ્કાર એપાર્ટમેન્ટની સામે શિવશંકર નર્સરી અને માટલાનો વેપાર કરનાર રામઈશ્વર શાહા પર ગત 11મી એપ્રિલે મખદુમશા બાવાની દરગાહની પાછળ બે શખ્સોએ ચાર રાઉન્ડ ગોળીબાર કરી ફરાર થઈ ગયાં હતાં. પ્રાથમિક તબક્કે ઈજાગ્રસ્તના પુત્ર લલને ચાર વર્ષ પહેલાં તેમના ગામમાં જમીન બાબતે થયેલી તકરારમાં તેમના પર ફાયરિંગ થયું હોવાની આશંકા વ્યક્ત કરી હતી. પોલીસે તેની કેફિયત સહિત અન્ય પાસાઓની તપાસમાં જોતરાતાં હુમલો કરનારાઓ અંગે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી જાણ થઈ હતી કે તેઓ બિહારથી આવ્યાં હતાં. તેમજ શકમંદો બિહારના શિવહર ખાતે રહે છે. જેથી ભરૂચ એલસીબીના પીએસઆઈ પી. એમ. વાળા તેમજ સી ડિવિઝન પીએસઆઈ વી. પી. મલ્હોત્રા તેમની ટીમ સાથે બિહારના શિવહર ખાતે પહોંચ્યાં હતાં. જ્યાં તેમણે આરોપીઓના સગડ મેળવી ત્રણેય આરોપીઓને ભરૂચ લાવ્યાં હતાં. પ્રાથમિક પુછપરછમાં જ આરોપીઓએ ચોંકાવનારો ધટસ્ફોટ કર્યો હતો. તેમણે કબુલ્યું હતુ કે, રામઈશ્વરના પુત્ર લલને જ પોતાના પિતાની હત્યા કરવા માટે સોપારી આપી હતી. જેના પગલે ટીમે લલન રામઈશ્વર શાહાની પણ ધરપકડ કરી છે. પ્રાથમિક પુછપરછમાં લલને કબુલ્યું હતું કે, તેણે ચારેક વર્ષ પહેલાં પિતા પર થયેલાં જીવલેણ હુમલામાં તેમની સારવાર માટે દેવું કર્યું હતું. જે રૂપિયા માટે વારંવાર પિતા પાસે માંગણી કરવા છતાં તેઓ આપતાં ન હોઈ તેણે તેમનું કાસળ કાઢવાનો કારસો રચ્યો હતો. ભરૂચ પોલીસે ઈજાગ્રસ્તના પુત્ર લલન શાહ સહિત બિહારના શિવહર ગામેથી આવેલાં હરિઓમ કલમકાંત શાહ, રામાશંકર ગણેશ શાહ અને નંદકિશોર ઉર્ફે રાકેશ ટુનટુન શાહની ધરપકડ કરી છે. બિહારથી આવેલાં શુટર્સના રોકાણ માટે આરોપી લલને જ હોટલ ક્લાસીકમાં રોકાવા માટેની વ્યવસ્થા કરી હતી.



## ત્રણેક મહિનાથી તેમની તકરાર ચાલી રહી હતી

પિતા પર વર્ષ 2019માં થયેલાં હુમલા બાદ તેમની સારવાર માટે લલને અલગ અલગ સાહુકારો પાસેથી વ્યાજેથી રૂપિયા લીધાં હતા. જે બાદ તે તેના પિતા પાસે સારવારનો ખર્ચ માંગતો હતો. જોકે, તેના પિતા રૂપિયા આપતાં ન હતાં. બીજી તરફ નર્સરી-માટલાના ધંધામાંથી મળતાં રૂપિયા પણ લલનને બાદ કરી અન્ય બે પુત્રને આપતાં હતાં. જેના પગલે છેલ્લાં ત્રણ-ચાર મહિનાથી તેમની તકરાર ચાલતી હતી.. જેની રીસ રાખી લલને પિતાનું કાસળ કાઢવાનો નિર્ણય લીધો હતો. ડૉ. લીના પાટીલ, એસપી, ભરૂચ

## પિતાની સોપારી આપી હોવાની શૂટર્સને જાણ નહોતી

શિવહર ખાતે રહેતો નંદકિશોર પોતાની દુકાન ધરાવે છે. તેનું ગામ લલનના ગામથી સાતેક કિમી જ દુર છે. લલનને તેની સાથે પરીચય હોય તેણે તેને એક શખ્સનો ખેલ પાડવાનો હોવાનું કહી સોપારી આપતાં નંદકિશોરે હરિઓમ તેમજ રામાશંકર સાથે મળી ફાયરિંગ કર્યું હતું. જોકે, બાદમાં તેમને જાણ થઈ હતી કે, તેણે પોતાના પિતા પર જ હુમલો કરાવ્યો હતો.

## પોલીસને ગેરમાર્ગે દોરવા જૂના ઝઘડાની વાર્તા ઘડી

વર્ષ 2019માં વતનમાં ઘરની બાજુમાં આવેલાં પ્લોટ બાબતે થયેલી તકરારમાં પાડોશી અંસારૂલ હકે તેના પિતા પર જીવલેણ હુમલો કર્યો હતો. જોકે, તેના પિતા સારવાર બાદ સાજા થઈ ગયાં હતાં. દરમિયાનમાં પિતા સાથે થયેલી તકરારને લઈને તેણે પોતાના પર શક ન જાય માટે જૂના ઝઘડાની વાર્તા ઘડી અંસારૂલ હકે હુમલો કરાવ્યો હોવાની વાર્તા ઘડી હતી.

**DATE: 25/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# તાડપત્રી વિના રેતી વહન કરતી ટ્રક ઝડપાઈ

ભરૂચ | નબીપુર પોલીસ દ્વારા શુક્લતીર્થ તેમજ આસપાસના ગામોમાંચાલતી રેતીની લીઝોમાંથી ઓવરલોડ તેમજ પાણી નિતરતી અને તાડપત્રી ઢાંક્યાં વિનાની તથા મોટી ટ્રકો-ડમ્પરો સામે કાયદેસરની કાર્યવાહીની ઝૂંબેશ શરૂ કરી છે. ત્યારે તેના ભાગરૂપે આજે પણ નબીપુર બ્રીજ પાસેથી પોલીસે તાડપત્રી વિના પાણી નિતરતી રેતી ભરેલી ટ્રક ઝડપી પાડી હતી. જેના ડ્રાઈવર સહબાન અંસારીને તે બાબતે પુછપરછ કરતાં તેણે ઉડાઉ જવાબ આપતાં પોલીસે તેની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 26/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ભરૂચ હાઈવે પર પોલીસનું સઘન વાહનચેકિંગ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં મંગળવારે સવારથી નર્મદા ચોકડી, ઝાડેશ્વર ચોકડી અને શ્રવણ ચોકડી વિસ્તારમાં પોલીસના ધાડેધાડા ઉતરી પડયાં હતાં. પોલીસની ટીમોએ દરેક વાહનને રોકીને તેની તલાશી લીધી હતી. પોલીસની કાર્યવાહીના પગલે એક તબકકે ઉત્તેજના ફેલાઈ હતી. આખા દિવસ દરમિયાન ચાલેલી કાર્યવાહી દરમિયાન અનેક વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યો હતો. મકતમપુરમાં બનેલી ઘટના બાદ પોલીસે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ગુનાખોરીને ડામી દેવા કડક પગલાં ભરવાનું શરૂ કરી દીધું છે. પોલીસના ચેકિંગને જોઈ અનેક વાહનચાલકોએ તેમનો રસ્તો પર બદલી નાંખ્યો હતો. એક તબકકે લોકોએ ચૂંટણી આવી હોય તેવો અનુભવ કર્યો હતો. દરેક વાહનની ડીકી ખોલાવી તેની તપાસ કરવામાં આવી હતી. આખા દિવસ દરમિયાન ચાલેલી કામગીરી દરમિયાન વાહનોમાંથી કઈ શંકાસ્પદ મળ્યું ન હતું પણ નિયમોનો ભંગ તથા લાયસન્સ ન હોવા સહિતના કિસ્સાઓમાં વાહનચાલકો પાસેથી દંડની વસુલાત કરવામાં આવી હતી. નર્મદા ચોકડીથી શ્રવણ ચોકડી વિસ્તારમાં પોલીસની સતત અવરજવર રહી હતી.

**DATE: 26/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# પોલીસની રેડ પડતાં 4 જુગારીયા ભાગ્યાં, એક ઝબ્બે

ભરૂચ | આમોદ તાલુકાના આછોદ ગામની સીમમાં આવેલાં ગોળ તલાવડી પાસે આવેલાં બાવળીયામાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. જેના પગલે જુગારિયાઓમાં દોડધામ થતાં માત્રે ફૈઝલ યાકુબ અહમદ મોજીયા ઝડપાઈ ગયો હતો.

**DATE: 26/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પરપ્રાંતિય યુવકોના સ્થાનિકો પર હુમલા બાદ મોટી કાર્યવાહી કરાઇ

# મકતમપુરમાં પોલીસની ઘનિષ્ઠ તપાસ : 24 લોકો સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં મકતમપુર ખાતે સ્થાનિક યુવાનોને પરપ્રાંતિયો દ્વારા માર મરાતો હોવાનો વિડીયો વાયરલ થયા બાદ ભરૂચ પોલીસ એક્શનમાં આવી છે. એસપી ડો. લીના પાટીલે જિલ્લા પોલીસને તુરંત પંથકમાં કોમ્બિંગ કરવાની સૂચના આપી હતી. જેના પગલે ડીવાયએસપીની રાહબરી હેઠળ 11 પોલીસ મથકના 70 જવાનોએ શહેરના મકતમપુર તેમજ ઝાડેશ્વર વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધર્યું હતું. જેમાં 24 ગુના દાખલ કરવા સાથે ટીમોએ 49 વાહનો જપ્ત કરવા સાથે 16 મકાન માલિકો સામે કાર્યવાહી કરી 3500 રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

ભરૂચમાં મકતમપુર ખાતે બાળક સાથે તકરાર કરનારા પરપ્રાંતિયોને ઠપકો આપવા ગયેલાં યુવાનો પર પરપ્રાંતિયોએ એકસંપ થઈ હુમલો કરી માર માર્યો હતો. જેનો વિડીયો વાયરલ થયો હતો. જેના ભાગરૂપે ભરૂચ એલસીબી, એસઓજી, પેરોલ ફર્લો, ક્યુઆરટી, BDDS, ટ્રાફિક પોલીસ સાથે એ, બી, સી ડિવિઝન, તાલુકા અને મહિલા પોલીસ સ્ટેશના સ્ટાફને સાથે રાખી મેગા ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં જિલ્લાના 11 પોલીસ સ્ટેશનની 11 ટીમ એક ડીવાયએસપી, 6 ઇન્સ્પેક્ટર, 2 સબ ઇન્સ્પેક્ટર, 60 પોલીસ જવાનોએ કોમ્બિન્ગ હાથ ધર્યું હતું. ટીમોએ 49 વાહનો જપ્ત કરવા સાથે 16 મકાન માલિકો સામે કાર્યવાહી કરવા સાથે 3500 રૂપિયાનો સ્થળ પર જ દંડ ફટકાર્યો હતો. પોલીસ દ્વારા કરવામાં આવેલી કામગીરીથી અસામાજિક તત્વોમાં એક સમયે ભયનો માહોલ ઉભો થયો હતો.



## પોલીસનું કોમ્બિંગ ચાલુ જ રહેશે

ભરૂચના મકતમપુર વિસ્તારમાં પરપ્રાંતિયોએ સ્થાનિક યુવાન પર હુમલો કર્યો હતો. એસપી ડૉ. લીના પાટીલની સૂચનાથી મકતમપુર વિસ્તારમાં અલગ અલગ 11 ટીમો બનાવી કોમ્બિંગ કરવામાં આવી હતી. ગુનાહિત કૃત્ય આચરનારાઓ સામે કડક કાર્યવાહી કરાઇ રહી છે. આગામી દિવસોમાં પણ પોલીસની કોમ્બિંગ ચાલુ રહેશે. » સી.કે.પટેલ, ડીવાયએસપી, ભરૂચ

## સાત મહિના પહેલાં અંકલેશ્વરમાં મેગા કૉમ્બિંગ કર્યું હતું

ભરૂચ જિલ્લા પોલીસે સાતેક મહિના પહેલાં અંકલેશ્વરના પરપ્રાંતિય વસતી ધરાવતાં વિસ્તારોમાં પોલીસે ઓપરેશન ડોમિનેશન એરિયા હાથ ધરી 58 જેટલા વાહનો ડિટેઇન કરવાની સાથે વિવિધ કલમો હેઠળ 200થી વધારે ગુનાઓ દાખલ કર્યા હતાં.

## કોમ્બિંગમાં પોલીસની કામગીરી

- એમ.વી. એક્ટ 207 હેઠળ 49 વાહનો જપ્ત કર્યા
- આઈપીસી 188 હેઠળ 16 મકાન ભાડુઆત સામે કેસ કર્યા
- પ્રોહિબિશન એક્ટ હેઠળ 12 શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધ્યો
- એમ.વી. એક્ટ 185 હેઠળ એક કેસ કર્યો
- અન્ય વિવિધ વિભાગમાં 3500 રૂપિયાનો સ્થળ પર દંડ

**DATE: 26/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### બોસ્ટન હોટલની પાછળ સી ડિવિઝન પોલીસે રેડ પાડી, 9.54 લાખનો દારૂ - ટ્રક જપ્ત

# દારૂના કટિંગ વેળાં પોલીસની ટીમ ત્રાટકી ટ્રક ડ્રાઈવર પાયલોટિંગ કરતી કારમાં ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ હાઈવે પર બોસ્ટન હોટલની પાછળ ટ્રકમાંથી દારૂનું કટિંગ કરવાનો કારસો ચાલી રહ્યો હતો. તે વેળાં ભરૂચ સી ડિવિઝન પોલીસે દરોડો પાડતાં પોલીસને જોઈને ટ્રકનો ડ્રાઈવર પાયલોટિંગ માટે આવેલી કારમાં બેસી ભાગી ગયો હતો. બનાવને પગલે ભરૂચ સી ડિવિઝન પોલીસે સ્થળ પરથી 9.54 લાખનો વિદેશીદારૂ તેમજ 10 લાખની ટ્રક મળી કુલ 19.54



લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભરૂચ હાઈવે ઉપર સી ડિવિઝનનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, હાઈવે પર અવાવરૂં જગ્યાએ એક ટ્રકમાંથી દારૂ કટિંગ થઈ રહ્યો છે. આ ટ્રકને આઈ 20 કાર દ્વારા પાયલોટિંગ અપાઈ રહ્યું છે.સી ડિવિઝન સ્ટાફે હાઈવે પર બોસ્ટન હોટલ પાછળ દરોડો પાડ્યો હતો. જ્યાં ઝાડી ઝાંખરામાં ટ્રકમાંથી દારૂની પેટીઓ ઉતારાઈ રહી હતી. જ્યારે નજીકમાં જીજે 5 7002 નંબરની આઈ 20 કાર પડી હતી. પોલીસને જોઈ ટ્રક ડ્રાઈવર, કાર ચાલક અને અન્ય 4 આરોપીઓ આઈ 20 કારમાં ફરાર થઇ ગયા હતા. દારૂ ભરેલી ટ્રકને સી ડીવિઝન પોલીસ મથકે લાવી ગણતરી હાથ ધરાઈ હતી.

ટ્રકમાંથી કુલ દારૂ બિયરની 3713 બોટલો કિંમત રૂપિયા 9.54 લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જોકે ટ્રક ચાલક અને અન્ય આરોપીઓ આઈ 20 કારમાં નાસી છૂટ્યા હતા. ટ્રક અને દારૂનો જથ્થો મળી કુલ રૂપિયા 19.54 લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરાઈ છે.

**DATE: 26/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વર ડિવિઝનમાં 2022માં ઝડપાયેલાં 1.27 કરોડના દારૂ પર બુલડોઝર ફેરવાયું : 3 કલાક સુધી કામગીરી ચાલી

# એક વર્ષમાં ઝડપાયેલી 98 હજાર બોટલોનો નાશ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ડિવિઝનના 6 પોલીસ સ્ટેશનોમાં 2022ના વર્ષમાં પ્રોહિબિશનના 74 જેટલા કેસમાં ઝડપી પાડવામાં આવેલી દારૂની 96 હજાર જેટલી બોટલોનો બુલડોઝર ફેરવી 3 કલાકમાં નાશ કરી દેવાયો હતો. નાશ કરાયેલાં દારૂના જથ્થાની કિંમત 1.27 કરોડ રૂપિયા થવા જાય છે.

ગુજરાતમાં દારૂબંધીનો કાયદો હોવા છતાં દર વર્ષે કરોડો રૂપિયાનો દારૂ પકડાતો રહે છે. અંકલેશ્વરના 6 પોલીસ સ્ટેશનોમાં 2022માં પ્રોહિબિશનના 74 જેટલા કેસ કરવામાં આવ્યાં હતાં. આ કેસોમાં દારૂની 96 હજાર જેટલી બોટલો જપ્ત કરવામાં આવી હતી. પોલીસે આ દારૂનો નાશ કરવા માટે કોર્ટની મંજૂરી માગી હતી. કોર્ટની મંજૂરી બાદ મંગળવારે દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. કડકિયા કોલેજ પાસે એસડીએમ, ડીવાયએસપી અને મામલતદાર સહિતના અધિકારીઓની હાજરીમાં બોટલો પર રોડ રોલર ફેરવી દેવામાં આવ્યું હતું.



કડકિયા કોલેજ પાસે દારૂના જથ્થાનો નાશ કરાયો હતો.

### જીઆઇડીસી પોલીસ સ્ટેશનમાં વધુ દારૂ ઝડપાયો

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે 57,907, પાનોલીમાં 9,814, એ ડિવિઝનમાં 1,458, તાલુકામાં 3,905, બી ડિવિઝનમાં 23,386 અને હાંસોટ પોલીસ સ્ટેશનમાં 4,257 બોટલો ઝડપીપ પાડી હતી. આ તમામ બોટલોને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે નાશના સ્થળે લાવવામાં આવી હતી અને બુલડોઝર ફેરવી દેવાયું હતું.દારૂના નાશની કામગીરી 3 કલાક સુધી ચાલી હતી.

**DATE: 26/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અપહરણના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં અપહરણ તથા પોક્સોના ગુનામાં નાસતા ફરતાં આરોપીને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગની ટીમે 30 મહિના બાદ ગાંધીનગર ખાતેથી ઝડપી પાડયો છે. લીમખેડાના ચીલકોટાવાળા ફળિયામાં રહેતાં વિપુલ મેડા વિરૂધ્ધ 14 વર્ષ 10 માસની સગીરાનું અપહરણ કરવાની ફરિયાદ નોંધાઈ હતી. 2020માં થયેલી ફરિયાદ બાદ આરોપી નાસતો ફરતો હતો. આરોપી માણસા તાલુકાના ગામના શ્રીજી ફાર્મ ગાંધીનગર ખાતે હોવાની માહિતી મળતાં પોલીસે દરોડો પાડી તેને ઝડપી પાડયો હતો.

**DATE: 27/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# નવાડેરા દત્તમંદિર પાસે જુગાર રમતા ત્રણ ઝડપાયા

ભરૂચ: જૂના ભરૂચના નવાડેરા વિસ્તારમાં દત્ત મંદિર પાસેની ખુલ્લી જગ્યામાં આંક ફરકના આંકડા લખી જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે ભરૂચ શહેર એ-ડિવિઝન પોલીસે દરોડા પાડ્યા હતા, જેમાં ત્રણ જેટલા જુગાર રમતા ઇસમોને હજારોના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે આ મામલે બરાનપુરા ખત્રીવાડના રાજેશભાઈ ધોરાવાલા તથા અનિલકુમાર માણેકલાલ મોદી અને હિન્દુ ચુનારવાડ ખાતે રહેતા જિગ્નેશ દિવ્યસિંહ બ્રહ્મભટ્ટને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓ પાસેથી મોબાઈલ ફોન તથા રોકડ રકમ સહિત મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 27/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# લક્ઝરી બસના ડ્રાઈવર અને કન્ડક્ટર 60 મુસાફરને યુપીને બદલે નબીપુર ઉતારી ફરાર

**સુરતના** ટ્રાવેલ્સ સંચાલકે યુપી પહોંચાડવા બુકિંગ લીધું હતું, પરંતુ મુસાફરોને હાઈવેની હોટલ પર રઝળતા છોડી દેવાયા



ભરૂચ: સુરતથી ઉત્તરપ્રદેશ મુસાફરોને પહોંચાડવા બુકીંગ લઈ નબીપુર નજીક ૬૦ મુસાફરોને ઉતારી રફુચક્કર થઇ ગયેલી બસના ટ્રાવેલ્સ સંચાલક સામે કાર્યવાહી હાથ ધરવા સાથે જ ભરૂચ પોલીસે નબીપુર હાઇવે પર અટવાઈ પડેલા ૬૦ મુસાફરોને પોતાના વતન ઉત્તરપ્રદેશ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી.

સુરતની દિવ્યા ટ્રાવેલ્સના સંચાલકોએ ૬૦ મુસાફરોનું ઉત્તરપ્રદેશની ટિકિટનું બુકીંગ લઈ સુરતથી બસ રવાના કરી હતી. આ બસ નબીપુર નજીક આવેલી હોટલ પ્રિન્સ પાસે રોકાઇ હતી. જ્યાં બસના ડ્રાઈવર અને કંડકટરે બસમાંથી મુસાફરોને ઉતારી બીજી બસ આવી રહી હોવાનું જણાવી રફુચક્કર થઇ ગયા હતા. પોલીસ કંટ્રોલ રૂમ મારફતે નબીપુર પો.સ્ટે.ના પોલીસ સબ ઇન્સપેકટર કે. એમ. ચૌધરીને એવી માહિતી અપાઈ હતી કે સુરતથી ખાનગી લક્ઝરી બસ દ્વારા પોતાના વતન પ્રતાપગઢ(ઉત્તરપ્રદેશ) જઇ રહેલા ૬૦ જેટલા મુસાફરોને ને.હા. નં.૪૮ ઉપર નબીપુર પાસે આવેલી પ્રિન્સ હોટેલ ખાતે બસના ડ્રાઇવર અને કંડક્ટરે ઉતારી મુક્યા છે. મુસાફરોને તેમણે એવું જણાવ્યું હતું કે અહિંથી તમને લેવા માટે બીજી બસ આવે છે. આવું કહી મુસાફરોને રઝળતાં મુકી બંને રફુચક્કર થઈ ગયા હતાં.

બસના મુસાફરો પૈકી ૪ બાળકો અને ૭ મહિલાઓ પણ હતાં, જેઓ રસ્તે રઝળતા થઇ ગયા હોવાની માહિતીના પગલે નબીપુર પોલીસ સ્ટેશનના સ્ટાફે તાત્કાલીક પ્રિન્સ હોટેલ ઉપર પહોંચી માનવીય અભિગમ રાખી મુસાફરો સાથે વાતચીત કરી ટ્રાવેલ્સના એજન્ટનો સંપર્ક કર્યો હતો.

**DATE: 27/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# ભરૂચના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં 3 હજારના દારૂ સાથે બુટલેગરની ધરપકડ

ભરૂચ: અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસે ગુજરાત હાઉસિંગ બોર્ડમાંથી ઘર સામે પાર્ક કરેલ મોપેડની ડીકીમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે, ગુજરાત હાઉસિંગ બોર્ડમાં આવેલ મકાન નંબર-૧૦૭માં રહેતો અનીલ પરમાર પોતાના ઘરની બહાર મુકેલ મોપેડની ડીકીમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી વેચાણ કરે છે. જેના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. આરોપીની મોપેડની ડીકીમાં તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૨૬ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે ૩ હજારની કિંમતના આ દારૂ સાથે બુટલેગર અનીલ પરમારને ઝડપી પાડ્યો હતો.

**DATE: 27/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–043**

### ભાવના ફાર્મ વિસ્તારમાં એલસીબીના દરોડા

# અંકલેશ્વરમાં ઓનલાઈન સટ્ટો રમતો ખેલી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લામાં ક્રિકેટની રમતનો ભારે ક્રેઝ જોવા મળી રહયો છે ત્યારે ક્રિકેટમાં સટ્ટો રમતાં લોકોની સંખ્યા પણ વધી રહી છે. એલસીબીએ અંકલેશ્વરમાંથી એક સટ્ટોડિયાને ઝડપી પાડયો છે.

અંકલેશ્વર વિસ્તારમાં આવેલા ભાવના ફાર્મ પાસે મોબાઈલ પર મુંબઇ ઈન્ડિયન્સ અને ગુજરાત ટાઈટન્સ આઈપીએલ ટી 20 ક્રિકેટ મેચ પર ઓનલાઈન આઈ.ડી. થી સટ્ટો રમતા એક ઈસમને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો.પીએસઆઇ જે.એન. ભરવાડ અને તેમની ટીમે ભાવના ફાર્મ બહાર મંદિર પાસે દરોડો પાડયો હતો. જેમાં હરેન્દ્ર સત્યદેવ યાદવને મોબાઈલમાં ઓનલાઈન આઈ.ડી.થી ગૂગલ ક્રોમમાં વેબસાઈટ પર સટ્ટો રમતા ઝડપી પાડવામાં આવ્યો હતો.પોલીસે તેમની પાસેથી રોકડા રૂ.7,300, એક મોબાઈલ ફોન કિંમત રૂ.10 હજાર મળીને કુલ રૂ.17,300 નો મુદામાલ જપ્ત કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીની સાથે સટ્ટાકાંડમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલાં છે તેની તપાસ પોલીસ ચલાવી રહી છે.

**DATE: 28/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરના કોસમડીમાં 6 હજારના દારૂ સાથે બુટલેગરની ધરપકડ

અંકલેશ્વર: અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસે કોસમડીની સન ફ્લોરા સોસાયટીમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર કોસમડી ગામની સીમમાં આવેલી સન ફ્લોરા સોસાયટીના મકાન નંબર-એ/૪૪માં રહેતો બુટલેગર મુકેશસિંગ સીયારામ સિંગ પોતાના ઘરે વિદેશી દારૂનું વેચાણ કરે છે, તેવી બાતમીના આધારે જી.આઈ.ડી.સી. પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની ૧૫ નંગ બોટલ મળી કુલ ૬ હજારનો મુદ્દામાલ કબજે કરી બુટલેગર મુકેશ સિંગને ઝડપી પાડ્યો હતો.

**DATE: 28/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વર સુપર માર્કેટ પાસેથી રૂ.2.28 લાખનો બેનામી ભંગાર ભરેલો ટેમ્પો ઝડપાયો

અંકલેશ્વર: ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન ભરૂચ તરફથી શંકાસ્પદ લોખંડનો ભંગાર ભરેલો આયશર ટેમ્પો અંકલેશ્વર જીઆઇડીસીમાં આવી રહ્યો હોવાની બાતમીને આધારે એલસીબી પોલીસે અંકલેશ્વરની સુપર માર્કેટ પાસે વોચ ગોઠવી હતી. દરમ્યાન ટેમ્પો આવતાં તેને રોકી અંદર તલાશી લેતાં લોખંડના પતરાના ટુકડા સહિતનો ભંગારનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટેમ્પો ચાલક રીઝવાન હાસીમ અલી શેખ તેમજ  ટેમ્પામાં સવાર નરપતસીંગ રાજપુરોહિત અને શેતાનસીંગ રાજપુરોહિત પાસે લોખંડના ભંગાર ના જથ્થા અંગે જરૂરી આધાર પુરાવા અને બિલ માંગતા તેઓ તે રજૂ કરી શક્યા ન હતાં. સાથે જ સંતોષકારક જવાબ નહિ આપતા એલસીબી પોલીસે ત્રણેયની ધરપકડ કરી રૂપિયા 2 લાખ 28 હજારનો લોખંડને ભંગાર અને રૂ. 5 લાખનો ટેમ્પો તથા મોબાઇલ મળી કુલ રૂપિયા 7.58 લાખનો મુદ્દામાલ કબ્જે કરી તેમની વિરુદ્ધ અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 28/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## જંબુસરના વાવલી ગામે પોલીસનું ચેકિંગ

# 30 પરપ્રાંતિયોને ભઠ્ઠા પર કામ કરાવનાર સામે ગુનો

ભાસ્કર ન્યૂઝ।ભરૂચ ગે જંબુસર

પોલીસની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં તેમને માલુમ પડ્યું હતું કે, વાવલી ગામની સીમમાં આવેલાં એસએપી નામના ઈંટોના ભઠ્ઠા પર ચોક્કસ બાતમીના અધારે ચેકિંગ કર્યું હતું. જેમાં જ્યાં 30 જેટલાં મજુરો કામ કરતાં હોવાનું માલુમ પડ્યું હતું. ભઠ્ઠાના માલિક સરફરાજ ઉર્ફે પપ્પુ આદમ ઈબ્રાહિમ પટેલ ( મુળ રહે. ટંકારી બંદર. હાલ રહે. હલીમા પાર્ક સોસાયટી, ભરૂચ)ની પુછપરછ કરતાં તેમના ત્યાં મજૂરીકામ કરતાં શ્રમજીવીઓ અન્ય રાજ્યમાંથી આવેલાં હોવાનું જણાયું હતું. જોકે, પોલીસે તેમને તેઓનું પોલીસ વેરિફિકેશન કરાવ્યું છે કે કેમ તેની પુછપરછ કરતાં તેમણે કોઈ આધારપુરાવા પોલીસ સ્ટેશનમાં જમા કરાવ્યાં ન હોવાનું કબુલ્યું હતું. તેમજ તેમ ન કરવા પાછળનું કારણ પુછતાં ગલ્લાતલ્લા કરતાં તેમની સામે જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ સબબનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 29/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–06**

# સજોદમાં જુગાર રમતા 3 જુગારી ઝડપાયા

અંકલેશ્વર: સજોદ ગામે ભરૂચ એલસીબીએ વરલી મટકાનો જુગાર રમતા ત્રણ જુગારીને ઝડપી પાડ્યા હતા. ભરૂચ એલસીબીનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે બાતમી મળી હતી કે, અંકલેશ્વર તાલુકાના સજોદ ગામની વિનવાડી ફળિયા પાસે ખુલ્લી જગ્યામાં વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો છે. એવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા ૧૧ હજાર અને એક ફોન તેમજ મોપેડ મળી કુલ ૫૧ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ગામના જુગારી નીરવ અરવિંદ વસાવા, જિતેન્દ્ર વસાવા અને કિરીટ પરમારને ઝડપી પાડ્યો હતો.

**DATE: 29/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–06**

# ઝઘડિયા સહિત અન્ય વિસ્તારોમાં થયેલી ત્રણ ચોરીનો ભેદ ઉકેલાયો

ઝઘડિયાઃ ભરૂચ LCBના PSI એમ.એમ. રાઠોડ ટીમ સાથે અંકલેશ્વર પોલીસમથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે, ઝઘડિયા પોલીસમથક વિસ્તારમાં થયેલી ચોરી બાબતે સીસીટીવી ફૂટેજમાં દેખાતો તસ્કર એ તેજેન્દરસિંગ ઉર્ફે રોહિતના મામા સતવનસિંગ સરદાર છે. જે શખ્સ હાલ પ્રતીન ચોકડી ખાતે દેખાયો હતો. ભરૂચ LCBની ટીમે પ્રતીન વિસ્તારમાં જઈને બાતમી મળ્યા મુજબના ઇસમને ઝડપી લઈને તેની પૂછપરછ કરતાં તેણે જણાવ્યું કે, તે અને તેના મિત્રોએ ભરૂચના ઝઘડિયા સહિતના અન્ય વિસ્તારોમાં ચોરી કરી હતી. એલસીબી પોલીસે આ ઝડપાયેલો ઇસમ તેજેન્દરસિંગ ઉર્ફે રોહિત (રહે.,બાજવા, તા.વડોદરા) વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરીને અન્ય બે ઇસમ સતવનસિંગ ગુરદાસસિંગ સરદાર અને જશબિરસિંગ જોગીન્દરસિંગ (બંને રહે.,કસક, ભરૂચ)ને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી લેવા કવાયત હાથ ધરી હતી. આ ઇસમોમાં બે ઇસમ મકાનમાં ઘૂસીને ચોરી કરતા હતા. જ્યારે ત્રીજો ઇસમ બહાર ઊભો રહી વોચ રાખતો હતો.

**DATE: 29/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–06**

# અંકલેશ્વરમાં ઘરફોડ ચોરીમાં સંડોવાયેલા પડોશી યુવક અને સોનીને પોલીસે દબોચ્યા

અંકલેશ્વર: અંકલેશ્વરના ગડખોલ પાટિયા વિસ્તારમાં આવેલ નીરવકુંજ સોસાયટીમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલી કાઢી બી ડીવીઝન પોલીસે પાડોશી સહીત સોનીને ઝડપી પાડી રૂ. ૨.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ગત તા. ૨૪મીના રોજ અંકલેશ્વરના ગડખોલ પાટિયા વિસ્તારમાં આવેલ નીરવકુંજ સોસાયટીમાં રહેતા અંશુધર ઉપેન્દ્ર હરિક્રિષ્ણ મિશ્રા, પોતાના દાદીનું વતનમાં અવસાન થતાં તેઓ પરિવાર સાથે વતન ગયા હતાં. તેઓ ૧૫મી એપ્રિલના રોજ ઘરે પરત ફરતાં તેઓના ઘરે બારી તોડી અંદર પ્રવેશ કરી તસ્કરો રોકડા અને બે ફોન તેમજ સોના-ચાંદીના ઘરેણા મળી કુલ રૂ. ૩.૪૯ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઇ ગયા હોવાનું ધ્યાન ઉપર આવતા તેમણે ચોરી અંગે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરતાં ચોરીના મોબાઇલ સાથે એક ઇસમ ગડખોલ અયપ્પા મંદિર પાસે બેઠેલ હોવાની બાતમી મળતાં, પોલીસે વોચ ગોઠવી નીરવકુંજ સોસાયટીમાં રહેતાં આકાશ પવનકુમાર શર્માને ઝડપી પાડી તેની પૂછપરછ કરતાં તેણે ચોરીની કબૂલાત કરી હતી. ચોરીની ઘટનાને અંજામ આપી સોના-ચાંદીના ઘરેણા ભડકોદ્રાની શ્યામ શિખર કોમ્પ્લેક્સમાં રહેતા સોની લક્ષ્મીકાંત શિવનારાયણને વેચાણ કર્યાં હોવાનું કબૂલ કરતાં પોલીસે આકાશ શર્મા અને સોનીની ધરપકડ કરી રૂ. ૨.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ગણતરીના દિવસોમાં ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો છે.

**DATE: 29/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# પાલેજમાંથી 6 જુગારીયા ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પાલેજ પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના રાજાનગરની પાછળ બાવળિયાની આડમાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે તેમણે સ્થળ પર દરોડો પાડી જુગાર રમતાં ઈરફાન સૈયદ, મહેશ વસાવા, ફિરોજ શેખ, અનવર બેલીમ, રૂસ્તમઅલી રફાઈ તેમજ અબ્દુલ સૈયદને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી રોકડ રૂપિયા તેમજ 6 મોબાઈલ મળી કુલ 35 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 29/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વર ટોલનાકા પર ધંધો થતો નહિ હોવાથી શહેરી વિસ્તારમાં આવ્યાં હતાં

# ભરૂચના દહેજ બાયપાસ રોડ પરથી 32 તલવારો સાથે જૂના વાડસનું દંપતી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના દહેજ રોડ પર મુનશી સ્કૂલ સામે એક શખ્સ અને મહિલા જાહેરમાં તલવારો વેચી રહ્યાં હતાં. દરમિયાનમાં બી ડિવિઝન પોલીસને જાણ થતાં તેમણે સ્થળ પર પહોંચી બન્નેને કુલ 6400ની મત્તાની 32 તલવારો સાથે ઝડપી પાડ્યાં હતાં. તેમની પાસે તલવાર વેચવા અંગેની કોઈ પરવાનગી ન હોઈ પોલીસે તેમની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ દહેજ રોડ પર આવેલી મુન્શી સ્કૂલ સામે એક સ્ત્રી તેમજ પુરૂષ તલવારોનું વેચાણ કરી રહ્યાં હોવાની ચોક્કસ બાતમી બી ડિવિઝન પોલીસન મળતાં ટીમે તુરંત સ્થળ પર પહોંચી જઈ તપાસ કરતાં યુગલ મ્યાનવાળી તલવારો લઈને ઉભેલાં જણાયાં હતાં.

ટીમે બન્નેની પુછપછર કરતાં તેમના નામ અરવિંદ રતન મારવાડી તેમજ લતા રાજુ દંતાણી (બન્ને રહે. ભરવાડ વાસ, જુના વાડસ અમદાવાદ, મુળ રહે. કલ્યાણપુરા કલોલ, ગાંધીનગર) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેમની પાસેના થેલાની તપાસ કરતાં તેમાંથી કુલ 6400 રૂપિયાની મત્તાની 32 તલવારો મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં માલુમ પડ્યું હતું કે, અરવિંદ રતન મારવાડી ક્યાંકથી તલવારો લાવતો હતો. જે બાદ તેઓ અલગ અલગ ટોલનાકાઓ પર ઉભા રહી તલવારનું વેચાણ કરતાં હતાં. હાલમાં પણ તેઓ પહેલાં અંકલેશ્વર પાસેના ટોલનાકા પર તલવારો વેચી રહ્યાં હતાં. જ્યાં સારો ધંધો ન થતાં તેઓ દહેજ રોડ પરના ટોલનાકા પર જવા માટે આવ્યાં હતાં. તેઓ પાસે તલવાર વેચાણ અંગેની પરવાની સહિતના જરૂરી દસ્તાવેજોની માંગણી કરતાં તે ન મળતાં આખરે પોલીસે તેમની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### આઇપીએલની મેચમાં જુગાર રમી રહ્યો હતો

# જંબુસરમાંથી સટોડિયો પોલીસના હાથે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસર પોલીસ મથકનો સ્ટાફ જુગારની પ્રવૃત્તિ અટકાવવાના પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે પઠાણી ભાગોળ પાસે પટેલ વેલ્ફેર સોસાયટીમાં રહેતો ફિરદોસ ઉર્ફે સરપંચ અબ્દુલ રઝાક મહમંદ પટેલ પોતાના મોબાઈલ ફોનમાં સટ્ટો રમી રહ્યો છે. જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ ઉપરથી મોબાઈલ ફોન મળી કુલ 20 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને સટ્ટોડિયાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ જિલ્લામાં ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતાં લોકોની સંખ્યામાં વધારો થઈ રહયો છે. મોબાઈલ ફોન પર એપ્લીકેશનના માધ્યમથી સટ્ટો રમવાનું ચલણ વધી ગયું છે ત્યારે પોલીસ પણ આવી પ્રવૃતિ પર નજર રાખી રહી છે.

**DATE: 30/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# અંકલેશ્વરમાં ટ્રાફિક વચ્ચે રોંગ સાઈડ બસ હંકારી લાવતો ચાલક ઝડપાયો

અંકલેશ્વર,ભરૂચ: ભરૂચ જિલ્લાની અંકલેશ્વર GIDC પોલીસે રોંગ સાઈડ પર બસ હંકારી આવતા ચાલક પર કરી દંડનીય કાર્યવાહી જારી છે. વાલિયા ચોકડી પર રોંગ સાઈડ વાહન હંકારી ટ્રાફિક જામ કરતાં પોલીસે ચાલકની અટકાયત કરી હતી.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેરમાં છેલ્લા અઠવાડિયાથી શહેર તેમજ વાલિયા ચોકડી



વિસ્તારમાં ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાતાં લોકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. એવામાં ટ્રાફિક પોલીસ પણ બંને તરફની ટ્રાફિક વ્યવસ્થા સંભાળવા અતિ વ્યસ્તતા સાથે પોતાની કામગીરી કરી રહી છે. આ દરમિયાન વડોદરાથી સુરત જવાના માર્ગ ઉપર આમલાખાડી પુલ ઉપરથી રોંગ સાઈડ પોતાની લક્ઝરી બસ હંકારી લાવી ભારે ટ્રાફિક જામ કરી દેતાં ટ્રાફિક પોલીસે રાજસ્થાનના બસચાલક કિશોર નૈના દાસ (ઉ.વ.૨૯) (રહે.,યુઆઈટી કોલોની મસુરિયા, જિ.જોધપુર(રાજસ્થાન) ની લક્ઝરી બસ નં.(AR-06-B-0103) જપ્ત લઈ અટકાયત કરી હતી, જેમાં પૂરઝડપે અને ગફલતભરી રીતે પોતાની તથા સામેથી આવતાં વાહનચાલકો અને રાહદારીઓની જિંદગી જોખમાય તે રીતે રોંગ સાઈડે બસ હંકારી લાવવા બદલ પોલીસે ગુનો નોંધી ડ્રાઈવર વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 30/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# જિલ્લાના તમામ પોલીસ મથકે આજે મન કી બાત

ભરૂચ | રાજ્ય પોલીસ વડી કચેરી દ્વારા તમામ જિલ્લામાં આવેલાં દરેક પોલીસ મથકોમાં સવારના 11થી 11.30 વાગ્યા સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મન કી બાત કાર્યક્રમ જોઇ શકાય તેનું આયોજન કરવા સુચના અપાઇ છે. જેના ભાગરૂપે પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવાર તથા અન્ય જવાનો કાર્યક્રમને માણી શકે તેવું આયોજન કરાયું છે. ભરૂચમાં પોલીસ હેડક્વાટર્સ ખાતે સવારે 11 કલાકે મન કી બાત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. એસપી ડૉ. લીના પાટીલના માર્ગદર્શન હેઠળ તૈયારીઓ કરાઇ છે.

**DATE: 30/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચના રોટરી ક્લબ પાસેઈંડાની લારી પર પોલીસનો દરોડો

# આઈપીએલ પર સટ્ટો રમતાં બે ઝબ્બે, આઠ જણાં ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, સ્ટેશન રડ પર આવેલાં રોટરી ક્લબ પાસેની ઈંડાની લારી પર મનોજ ઉર્ફે શૈલ જગતાપ તેમજ નિકુંજ માછી મોબાઈલમાં એક એપમાં ગ્રુપ બનાવી આઈપીએલની મેચ પર સટ્ટો રમે રમાડે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં મનોજ ઉર્ફે શૈલો કાંતિ જગતાપ નામના શખ્સને ઝડપી પાડતાં તેણે એક એપમાં IPL DABBU નામનું ગ્રુપ બનાવી તેમના તેના સાથીઓ સાથે સટ્ટો રમતાં હોવાનું માલુમ પડ્યું હતું. તેનો સાથી નિકુંજ માછી નરસિંપુરા તરફ હોવાનું માલુમ પડતાં ટીમે તેની સાથે નરસિંહપુરા દરોડો પાડતાં તે પણ મોબાઈલમાં તેના ક્લ્પેશ નામના મિત્ર સાથે સટ્ટો રમતાં હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેમની પાસેથી કુલ 70 હજારની મત્તાના બે મોબાઈલ તેમજ 7890 રૂપિયા રોકડા સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તેમણે કબુલ્યું હતુ કે તેઓ અલગ અલગ પ્લેયર માંગી તેના આધારે જુગાર રમતાં હતાં. પોલીસે મનોજ જગતાપ પાસેના મોબાઈલમાં તપાસ કરતાં ગ્રુપમાં લખેલાં તેમના નામના આધરે તેમની સાથે સુનિલ, અંકિત, આરપી, સંકેત, પ્રકાશ, અજ્જુ, મિહીર તેમજ ક્લ્પેશ વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

**DATE: 30/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### લોકલ ક્રાઇમ બ્રાંચે 12.55 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# અંકલેશ્વર હાઈવે પરથી સોડિયમ બ્રોમાઈડ ભરેલું ટેન્કર ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીની ટીમે બાતમીના આધારે અંકલેશ્વરની વર્ષા હોટલના પટાંગણમાં પાર્ક કરેલાં ટેન્કરની તલાશી લીધી હતી. જીતાલી ખાતે રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશનાચાલક સુરેશ રાજારામ પાલ પાસે ટેન્કરમાં રહેલ કેમિકલ અને તેના અંગે જરૂરી દસ્તાવેજી પુરાવા માંગતા ચાલક ગલ્લા-તલ્લાકરવા લાગ્યો હતો. ટેન્કરમાં સોડિયમ બ્રોમીનના




ફોર્મ્યુલેશન આધારિત એનએબીઆર કેમિકલ હોવાનું બહાર આવ્યું હતું. આ કેમિકલનો ઉપયોગ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં થતો હોવાનું જાણવા મળી રહયું છે. કેમિકલના વહન માટે જરૂરી મંજૂરી નહિ હોવાથી પોલીસે 21,320 કિલો કેમિકલ અને ટેન્કર મળી કુલ 12.55 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**DATE: 30/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### રેલવેની કામગીરીના સ્થળેથી ચોરી કર્યાની કબૂલાત

# જુના દિવા ગામેથી ચોરીના નટબોલ્ટ સાથે ચાર ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ । અંકલેશ્વર

ભરૂચમાં ચાલી રહેલી રેલવે લાઈનની કામગીરી દરમિયાન ઈલેક્ટ્રીક વીજ લાઈનટાવર માંથી ગેલ્વેનાઈઝ લોખંડના નટ બોલ્ટ ચોરીના જથ્થા સાથે ખાલપિયા ગામના ચાર યુવાનોને પોલીસે ઝડપી પાડયાં છે.

જુના દિવાગામની સીમમાં ખાલપીયાગામ તરફ જવાના રોડ ઉપરઆવેલ ગાય વસીયા વગામાંઆવેલ ખાડી પાસે ની બાવળનીઝાડીમાં કેટલાક યુવાનો શંકાસ્પદ હિલચાલ કરી રહયાં હતાં. પીએસઆઈ અનિલ ચૌહાણ તથા તેમની ટીમે સ્થળ પર દરોડો પાડયો હતો જેમાં 12 જેટલા કોથળા ભરીને નટબોલ્ટનો જથ્થો મળી આવ્યો હતો. 12 બોરીમાં ભરેલાં નટબોલ્ટની કિમંત આશરે 60 હજાર રૂપિયા થવા જાય છે.ખાલપીયા ખાતે રહેતા લક્ષ્મણ વસાવા, વિશાલ વસાવા, અનિલ વસાવા અને સ્વપ્નીલ વસાવાની અટકાયત કરવામાં આવી હતી. તેમણે 20 દિવસ પૂર્વે જુના દીવાગામની સીમ માં તાડવાડીમાં પાવરના ટાવર ઉભા કરવાની કામગીરી ચાલી રહી હતી ત્યાંથી ચોરી કર્યાની કબૂલાત કરી હતી. અંકલેશ્વર પોલીસે ચારેય આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. આરોપીઓ અગાઉ કોઈ ચોરીમાં સંડોવાયેલાં છે કે કેમ તેની તપાસ ચાલી રહી છે.